અપીલ અરજી નં.૪૦૮ તા.૧૯/૨૦–૩–૦૯

અરજદાર: શ્રી વિજય એન. શેણમારે
સામાવાળા: (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
(૨) નાયબ મ્યુ.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકત:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય એન. શેણમારેની તા.૨૩–૧–૦૯ ની અરજીથી શ્રી દર્શના ઉપાધ્યાય કર્મ.નં.૧૨૩૬૮ જુની.કલાર્ક મહેકમ–ઉધનાઝોનને ૧૮ વર્ષનો ઉચ્ચત્તર પગાર–ધોરણનો લાભ કયા વર્ષમાં ડયૂ થાય છે? આ લાભ કેમ આપવામાં આવ્યો નથી? તેના કારણો સહિતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯/૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૮ /૨૦૦૮–૦૯

શ્રી વિજય એન. શેણમારેની તા.૨૩–૧–૦૯ ની અરજીથી શ્રી દર્શના ઉપાધ્યાય કર્મ.નં.૧૨૩૬૮ જુની.કલાર્ક મહેકમ– ઉધનાઝોનને ૧૮ વર્ષનો ઉચ્ચત્તર પગાર–ધોરણનો લાભ કયા વર્ષમાં ડયૂ થાય છે? આ લાભ કેમ આપવામાં આવ્યો નથી? તેના કારણો સહિતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/મહેકમ/૨૬૦૦ તા.૧૬–૨–૦૯થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯/૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૨૯૩ તા.૩૦–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/પ૩ તા.૪–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોને અરજદારને આપેલ તા.૧૬–૨–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જે અનુસાર દર્શના ઉપાધ્યાયને ૧૮ વર્ષનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ નોકરીમાં ૧૮ વર્ષ પૂર્ણ કર્યા તા.૩૦–૩–૦૬ ની અસરથી આપવા બાબતે અત્રેથી તા.૨૫–૧–૦૭ ના, ૨૦–૯–૦૭ તથા ૧૬–૧–૦૮ રોજ દરખાસ્ત પર્સોનલ ઓફિસર મહેકમને મોકલી આપ્યાનું જણાવેલ જે કયા કારણસર આપવામાં આવેલ નથી તે વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ નહીં હોવાની માહિતી આપેલ.

અરજદારની તા.૨૩–૧–૦૯ ની અરજીથી શ્રી દર્શના ઉપાધ્યાય કર્મ.નં.૧૨૩૬૮ જુની.કલાર્ક મહેકમ– ઉધનાઝોનને ૧૮ વર્ષનો ઉચ્ચત્તર પગાર–ધોરણનો લાભ કયા વર્ષમાં ડયૂ થાય છે? આ લાભ કેમ આપવામાં આવ્યો નથી? તેના કારણો સહિતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સા.ઝોન/મહેકમ/૨૬૦૦ તા.૧૬–૨–૦૯ થી અરજદારને માહિતી પૂરી પડાયેલ. જેની સામે અધૂરી માહિતી મળેલ છે તેવું જણાવી અરજદારે અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી માહિતીનો આગ્રહ રાખેલ. જે અપીલ તબકકે નં.જીએડી/ઈએસટી/પર તા.૪–૪–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર દરખાસ્તના અનુસંધાનમાં ઘટિત જરૂરી પૂર્તતા કરવા સાઉથઝોનને જણાવવામાં આવેલ છે. જે મળ્યા બાદ મધ્યસ્થ મહેકમ તરફથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી આપેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), નાયબ મ્યુ.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) .......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી વિજય એન. શેણમારે,